

# વીજ સલામતી

## અકસ્માતોના અવલોકનો અને નિરાકરણો

## વર્ષ : ૨૦૨૨-૨૦૨૩

UGVCL

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પુરો પાડવા સમર્પિત

**ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા**

CIN - U40102GJ2003SGC042906



✦ **માર્ગદર્શક :**

શ્રી અરુણ મહેશ બાબુ, આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા

✦ **પ્રસ્તુત કર્તા :**

શ્રી જી. એચ. એન્જીનીયર, મુખ્ય ઈજનેર (ઓપરેશન)
શ્રી કે. એસ. ભગોરા, અધિક્ષક ઈજનેર, સલામતી વિભાગ, રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા
શ્રી એમ. આઈ. પટેલ, નાયબ ઈજનેર, સલામતી વિભાગ, રજીસ્ટર્ડ કચેરી, મહેસાણા

✦ **સંપાદન :**

શ્રી વિજય એલ. ઓઝા, ઈન્ચાર્જ આસી. મેનેજર (પી.આર.)

✦ **સંકલન સહાયક :**

શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસીસ્ટન્ટ (કોર્પોરેટ કોમ્યુનીકેશન સેલ)

✦ **પ્રુફ રીડીંગ :**

જ્યોત્સનાબહેન એ. રાઠોડ, નાયબ અધિક્ષક (વહિવટ), કડી વિભાગીય કચેરી


✦ **પ્રકાશક :**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
CIN - U40102GJ2003SGC042906

✦ **પ્રકાશન વર્ષ :**

૨૦૨૩

# ... વીજ સલામતી સંદેશ ...



**"વીજ સલામતી એ પસંદગી નથી પણ જવાબદારી છે."**

વ્હાલા કર્મચારી મિત્રો,

આપણી કંપની અતિ આવશ્યક સેવા સાથે સંકળાયેલ હોઈ આપણે સૌ વિપરીત સંજોગોમાં પણ વીજ વિતરણની કામગીરી સતત કરતા આવ્યા છીએ. વીજ વિતરણની કામગીરી વિના વિક્ષેપે થાય તેમજ ફરીયાદમાં ઘટાડો થાય અને કંપની પ્રત્યેનો આપણા માનવંતા ગ્રાહકોનો વિશ્વાસ વધે તે માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ છીએ.

કર્મચારી મિત્રોને અગાઉ વખતો વખત વીજ સલામતી અંગે જાગૃતિ કેળવવા માહિતગાર કરવા છતાં વધુ પડતા આત્મવિશ્વાસ, ઉતાવળ, સલામતીના સાધનોની અવગણના તેમજ કામકાજ પ્રત્યેની નિષ્કાળજીને કારણે વીજ અકસ્માત થાય છે તેવું પ્રાથમિક તારણોમાં જાણવા મળેલ છે. જ્યારે કોઈ કર્મચારીને વીજ અકસ્માત થાય ત્યારે તેની સીધી અસર કુટુંબીજનો પર થાય છે. કંપની પણ અકસ્માત નિવારણ અંગે સતત ચિંતિત છે તેવા સંજોગોમાં આપ સર્વે કર્મચારી મિત્રોને સલામતીના સાધનોનો કાળજીપૂર્વક ઉપયોગ કરી સાવચેતીપૂર્વક કામ કરવા નમ્ર અપીલ છે.

વધુમાં આપ સર્વેને જણાવવાનું કે, "વીજ સલામતી એ પસંદગી નથી પણ જવાબદારી છે." તેમ સમજીને વીજ સુરક્ષાના નિયમોનું ચુસ્ત પાલન કરી આપ સૌનું જીવન સુરક્ષિત રહે તે મુજબની કામગીરી કરવા માટે નમ્ર અપીલ કરું છું.

**અરુણ મહેશ બાબુ,** (એમ.એસ.) આઈ.એ.એસ.
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ, મહેસાણા

**"સુરક્ષાના નિયમોનો કરો સંગ, રાખો શરીરને અભંગ"**




# વીજ કર્મચારીઓ માટે
# પ્રાણઘાતક અકસ્માતોના
# અવલોકનો અને નિરાકરણો ...

# અકસ્માત - ૧



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી ભરાડા મહેશકુમાર મક્ષીભાઈ

હોદ્દો : ઈલે. આસી.

અકસ્માતનો પ્રકાર : પ્રાણઘાતક અકસ્માત

ગામ : કુજાડ

તારીખ : ૧૭-૦૫-૨૦૨૨

સબ ડિવિઝન : કુજાડ

ડિવિઝન : સાબરમતી

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી કુજાડ ખેતીવાડી ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા. ૧૭-૦૫-૨૦૨૨ના રોજ વિકટીમને બે એપ્રેટિસ લાઈન મેન સાથે ૧૧ કેવી ગોપાલ ચરણ અને ૧૧ કેવી કુજાડ ખેતીવાડી ફિડર પર આવેલ ટ્રી કટિંગનો કાર્યક્રમ આપેલ. સૌ પ્રથમ તેઓએ ૧૧કેવી ગોપાલ ચરણ ફિડર પર કામ શરૂ કરેલ. અચાનક આશરે ૯-૦૦ કલાકે તેઓ કુજાડ ખેતીવાડી ફિડર ઉપર એલ.સી.લીધા વગર અને અર્થીંગ કર્યા વગર કંડકટર દૂર કરવા ચઢેલ. તે સમયે કુજાડ ખેતીવાડી ફિડરમાં સિંગલ ફેઝ પાવર સપ્લાય હતો. વિકટીમ દ્વારા પોલ ઉપર ચઢીને પ્રથમ સાઈડનો વાયર કટ કરવા જતાં વાયર કટ થયેલ નહીં. પછી તેઓ ઉપરનો કંડકટર દૂર કરવા જતાં તેમને કરંટ લાગેલ અને તેઓ જમીન પર પડી ગયેલ. ત્યાર બાદ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન ત્રીજા દિવસે તેમનું મૃત્યુ થયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

સદર કામ શરૂ કરતાં પહેલા વિકટીમ દ્વારા લાઈન કિલયર લેવાઈ હોત અને અર્થીંગ કરેલ હોત તેમજ સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

## અકસ્માત - ૨



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી જગદીશભાઈ પૂનાભાઈ કલાસવા

હોદ્દો : ઈલે. આસી.

અકસ્માતનો પ્રકાર : પ્રાણઘાતક અકસ્માત

ગામ : ભાનગઢ

તારીખ : ૦૯-૦૬-૨૦૨૨

સબ ડિવિઝન : ધંધુકા

ડિવિઝન : બાવળા

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી ઝાંખી જેજીવાય ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૦૯-૦૬-૨૦૨૨ના રોજ ઝાંખી જેજીવાય ફિડર ફોલ્ટમાં જતાં મીંગલપૂર ટેપલાઈન કાપીને બાકીનું ફિડર લાઈનસ્ટાફ દ્વારા ચાલુ કરવામાં આવેલ. તે સમયની ટીમમાં લાઈનમેન સદર કાપેલ સ્વિચ પર રોકાયેલ. વિકટીમ અને એક લાઈનસ્ટાફ પોલ ઉપર રિજમ્પર કરવા ચઢેલ. અન્ય લાઈનસ્ટાફનું કામ પૂર્ણ થઈ જવાથી તે નીચે ઉતરી ગયેલ અને વિકટીમનું કામ ચાલુ હતું વિકટીમના હાથમાં કંડકટર અને બાયડિંગ વાયર હતા તે સમયે અચાનક રિટર્ન પાવર આવતા કરંટ લાગેલ અને તે પોલ પરથી નીચે પડી ગયેલ. સદર રિટર્ન પાવર એક એલટી કનેકશન જેનું ડીજી સેટ ચેન્જ ઓવર સ્વિર વગર ચાલતું હતું ત્યાંથી આવેલ વિકટીમે કામ કરતીની જગ્યા પહેલા અને પછી અર્થીંગ કરેલ નહતો અને સેફટી બેલ્ટ પહેરેલ નહતો.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

સદર કામ કરતી વખતે વિકટીમ દ્વારા કામ કરવાની જગ્યા પહેલા અને પછી બંને જગ્યાએ લોકલ અર્થીંગ કરેલ હોત અને તેમજ સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

# અકસ્માત - 3



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી સોલંકી સુરેશકુમાર કરશનજી

હોદ્દો : ઈલે. આસી.

અકસ્માતનો પ્રકાર : પ્રાણઘાતક અકસ્માત

ગામ : અબાસણા

તારીખ : ૨૭-૦૭-૨૦૨૨

સબ ડિવિઝન : ભાભર

ડિવિઝન : રાધનપુર

સર્કલ : પાલનપુર

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી શ્રી રામ જેજીવાય ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિતશ્રી સોલંકી સુરેશકુમાર કરશનજી (ઈલે.આસી.)તા.૨૭-૦૭-૨૦૨૨ના રોજ સોંપવામાં આવેલ ફરિયાદ નિવારણની કામગીરીના ભાગરૂપે તેઓ અબાસણા ગામમાં એલ.ટી.લાઈનનો ૬એમએમનો કેબલ બદલવા ગયેલ હતા. આ કેબલ ૧૧કેવી લાઈનના પોલ બાંધેલ હતો. આ ૧૧કેવી શ્રી રામ જેજીવાય ફીડર હતું. જ્યારે આ કેબલ ૧૧કેવી પોલ પર ટાઈટ કરતાં હતા ત્યારે અચાનક તેમનો હાથ ૧૧કેવી ચાલુ લાઈનને અડી ગયો હતો. આથી તેમને શોક લાગવાથી નીચે પટકાયા હતા. વધુ સારવાર અર્થે નજીકની સીએચસી હોસ્પિટલ ભાભર ખાતે લાવેલ હતા. ત્યાં તેમને મૃત જાહેર કરેલ હતા. સદર અકસ્માત માટે ભોગ બનનાર સુરક્ષાના સાધનોનો ઉપયોગ ન કરવા બદલ જવાબદાર ગણાય.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

(૧) દરેક લાઈનસ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.

(૨) જો ૧૧કેવી લાઈનની લાઈન કલીયર લઈને આ કામગીરી કરેલ હોત તો અકસ્માત નિવારી શકાય હોત.




# વીજ કર્મચારીઓ માટે
# બિન પ્રાણઘાતક અકસ્માતોના
# અવલોકનો અને નિરાકરણો ...

## અકસ્માત - ૧



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી રબારી રણછોડભાઈ સરતાનભાઈ

હોદ્દો : ઈલે.આસી. વિદ્યુત સહાયક

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત

ગામ : વસ્ત્રાલ

તારીખ : ૦૬-૦૪-૨૦૨૨

સબ ડિવિઝન : કુજાડ

ડિવિઝન : સાબરમતી

સર્કલ : સાબરમતી

**✦ અકસ્માત થયેલ માળખાની વિગત :**

સોલરનું વીજ જોડાણ બાયડાયરેકશન મીટર

**✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :**

તા.૦૬-૦૪-૨૦૨૨ના રોજ અકસ્માત થનાર વ્યકિતને સોલરનું વીજ જોડાણ આપવા માટેનો કાર્યક્રમ આપવામાં આવેલ. સોલર બાયડારેક્શન મીટરમાં R અને Y ફેઝના કનેકશન આપ્યા બાદ જ્યારે વ્યકિત B ફેઝનું કનેક્શન આપતી વખતે Y ફેઝને અડી ગયેલ. તેથી ઈનકમિંગ સાઈડ ફેઝ ટુ ફેઝ કોંટેકટ થતાં ફલેશ થયેલ અને વ્યકિત જમણા હાથ અને ચહેરા પર દાઝી ગયેલ.

**✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :**

વીજ જોડાણ આપતી વખતે તકેદારી રાખી હોત અને સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

**વીજ શક્તિ સાથે રાખીએ રાઈટ કોન્ટેક્ટ,**
**તો કામકાજ બધું થાય પરફેક્ટ**

## અકસ્માત - ૨



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી પટેલ યાજ્ઞિક જયોતિન્દ્રભાઈ

હોદ્દો : આસી. લાઈનમેન

અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત

ગામ : બાકરોલ

તારીખ : ૦૬-૦૪-૨૦૨૨

સબ ડિવિઝન : કુજાડ

ડિવિઝન : સાબરમતી

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

કનેકશન પર લગાવેલ સીટી ઓપરેટેડ મીટર ચેકિંગ

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૦૬-૦૪-૨૦૨૨ના રોજ અકસ્માત થનાર વ્યકિત જુનિયર એંજિનિયર સાથે LMTD કનેક્શન પર લગાવેલ સીટી ઓપરેટેડ મીટર ચેક કરવા ગયેલ. ગ્રાહકના વાયરીન્ગ બાજુ એક્યુચેક લગાવેલ અને મીટર ટેસ્ટ કર્યા પછી એકયુચેક દૂર કરતી વખતે ક્રોકોડાયલ પિન ફેઝ ટુ ફેઝ અથવા ફેઝ ટુ ન્યુટ્રલ અડી જતાં બ્લાસ્ટ થયેલ. વ્યકિત બંને હાથમાં દાઝી ગયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

વીજ જોડાણ આપતી વખતે તકેદારી રાખી હોત અને સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

**ગ્રાહકોનો વિશ્વાસ જીતીએ,**
**યુજીવીઅસીએલને નંબર – ૧ બનાવીએ**

## અકસ્માત - 3



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી વિષ્ણુભાઈ માધવભાઈ પટેલ
હોદ્દો : ઈલે.આસી., વિદ્યુત સહાયક
અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત
ગામ : વિરમગામ
તારીખ : ૦૯-૦૪-૨૦૨૨
સબ ડિવિઝન : વિરમગામ શહેર
ડિવિઝન : સાબરમતી
સર્કલ : સાબરમતી

**✦ અકસ્માત થયેલ માળખાની વિગત :**

૧૧ કેવી થોરી ખેતીવાડી ફિડર

**✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :**

અકસ્માત થનાર વ્યકિતને અને બીજા અન્ય ત્રણ લાઈનસ્ટાફ સાથે ૧૧ કેવી થોરી ખેતીવાડી ફિડર પર ૪ વાયરની હળવા દબાણવાળી લાઈનના વાયર ટાઈટ કરવાનો કાર્યક્રમ આપેલ. સદર કામ માટે જે ટેપ લાઈન પર કામ કરવાનું હતું તેના ત્રણ ડીઓ ઉતારી, ત્રણ કંડકટર શોર્ટ કરી અર્થ વાયર ટ્રાન્સફોર્મર સેન્ટરથી ત્રીજા અને ચોથા પોલ વચ્ચે સ્ટે-વાયરના નીચેના ભાગે જોડેલ. સદર કામ જે જગ્યાએ કરવાનું હતું તે જગ્યા ટેપ લાઈનથી આશરે એક કિલોમીટર દૂર હતી. વાયર ટાઈટ કરવાનું કામ શરૂ કરતા સમયે વિકટીમ ટ્રાન્સફોર્મર પછીના પહેલા પોલ ઉપર પિન બાયડિંગ દૂર કરવા ચઢેલ. પિન બાયડિંગ દૂર કરતી વખતે સદર વ્યકિતને ઝાટકો લાગતાં જમીન પર પડી ગયેલ. ડીઓ ઉતારેલ ટ્રાન્સફોર્મર સેન્ટર પર કોઈ લાઈનસ્ટાફ હાજર નહતો. સદર ટ્રાન્સફોર્મર સેન્ટર પર કોઈ ત્રાહિત વ્યકિતએ ડીઓ ચઢાવવાનો પ્રયત્ન કરેલ હોય તેમ લાગે છે.

**✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :**

ટ્રાન્સફોર્મર સેન્ટર પર અન્ય કોઈ વ્યકિત ડીઓ ચઢાવીને લાઈન ચાલુ ન કરે તે માટે એક લાઈનસ્ટાફને ત્યાં હાજર રાખ્યો હોત અને સેફટી બેલ્ટનો તેમજ અન્ય સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાય.

## અકસ્માત - ૪



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી નેવાભાઈ દિતાભાઈ ડામોર

હોદ્દો : ઈલે.આસી.

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત

ગામ : કેરાલા

તારીખ : ૦૭-૦૬-૨૦૨૨

સબ ડિવિઝન : બાવળા ઈન્ડ.

ડિવિઝન : બોપલ

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી યોગી ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૦૭-૦૬-૨૦૨૨ના રોજ ૬૬ કેવી કેરલા સબસ્ટેશનનો શટડાઉનનો સમયગાળો ૭-૩૦ થી ૧૮-૨૦ નો હતો. ત્યારબાદ ફિડર ચાલુ કરતાં યોગી ફિડર પરની ફેઝ સિકવન્સ રિવર્સ આવતા ૧૮-૪૫ કલાકે ફરીથી લાઈન કિલયર લઈ વિકટીમ જંપર ચેન્જ કરવા માટે ગેંટ્રી પોલ પર ચઢેલ તે સમયે તેને કરંટ લાગતાં તે નીચે પડી ગયેલ અને હેલ્મેટ પણ પટ્ટાની જગ્યાએ તૂટી ગયેલ અને તેને અકસ્માત થયેલ. કરંટ કઈ જગ્યાએથી આવેલ તેની વધુ તપાસ કરતાં યોગી ફિડર પર આવેલ ૧ એચટી કનેકશનમાં ડીજી સેટ ચાલુ હોવાનું માલૂમ પડેલ. વધુમાં ત્યાં પ્રોપર ચેન્જઓવર સ્વિચ ધ્યાને આવેલ નહીં અને જીઓડી સ્વિચ કનેકટેડ હાલતમાં માલૂમ પડેલ. તેથી તેમાંથી પાવર રિટર્ન થઈ ફિડરમાં આવેલ અને તે સમયે કામ કરતાં વિકટીમને કરંટ લાગેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

સદર કામ કરતી વખતે વિકટીમ દ્વારા કામ કરવાની જગ્યા પહેલા અને પછી બંને જગ્યાએ લોકલ અર્થીંગ કરીને કામ શરૂ કરેલ હોત તેમજ સલામતીના સાધનોનો ઉપયોગ કર્યો હોત તો સદર અકસ્માત નિવારી શકાત.

## અકસ્માત - ૫



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી મહેશ એન. સિંગાડા

હોદ્દો : ઈલે.આસી. વિદ્યુત સહાયક

અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત

ગામ : જખવાડા

તારીખ : ૨૨-૦૮-૨૦૨૨

સબ ડિવિઝન : વિરમગામ ગ્રામ્ય

ડિવિઝન : સાબરમતી

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

ટીસી સેન્ટર ફેંસિંગ

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૨૨-૦૮-૨૦૨૨ના રોજ વિકટીમ તથા અન્ય ત્રણ લાઈનસ્ટાફ ઝખવાડા પ્રાથમિક શાળામાં પાવર અંગેની ફરિયાદના નિવારણ માટે ગયેલ. સદર શાળાનું કનેકશન જે ટીસી સેન્ટર પરથી આપેલ હતું તે ટીસી સેન્ટર ચેક કરવા જતાં ત્યાં નાખેલ ફેંસિંગને અડી જતાં કરંટ લાગેલ. કોઈ અજાણ્યા ઈસમ દ્વારા સદર ટીસી સેન્ટરના એલટી સાઈડના બુસિંગ પર ગેરકાયદેસર રીતે સ્ટ્રીટ લાઈન માટે વાયર લગાવેલ, જે વાયરનું એક જગ્યાએ ઈન્સ્યુલેશન તૂટી ગયેલ અને તે ભાગ ફેંસિંગને અડી ગયેલ હતો. તેથી સદર જગ્યાએથી કરંટ પાસ થતાં વિકટીમને કરંટ લાગેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

ફેંસિંગને અર્થીંગ કરેલ હોવું જોઈએ. લાઈનસ્ટાફ દ્વારા કામ કરતાં સમયે ફેંસિંગ પર કોઈ લીકેજ કરંટ છે કે નહીં તે ચેક કરવું જોઈએ. વિલેજ હેલ્પરે કોઈ વ્યકિત ગેરકાયદેસર રીતે ચોરી કરવા માટે વાયર નાખે નહીં તેનું ધ્યાન રાખવું જોઈએ અને તેની જાણ તેના અધિકારીને કરવી જોઈએ તેમજ સલામતીના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

# અકસ્માત - ૬



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી આર. એમ. ચૌહાણ

હોદ્દો : ઈલે.આસી.

અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત

ગામ : સાણંદ

તારીખ : ૧૩-૦૧-૨૦૨૩

સબ ડિવિઝન : સાણંદ-૧

ડિવિઝન : બોપલ

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

એલ.ટી.ગર્ડર પોલ ઉપર સર્વિસ સમારકામ

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

વિકટીમને જીઓ ટાવરમાં પાવર ન હોવાની ફરિયાદ મળતા સદર સ્થળ પર ગયેલ. વિકટીમ દ્વારા જીઓ ટાવરના ટ્રાન્સફોર્મર પર લાગેલ ડિસ્ટ્રિબ્યુશન બોકસથી પાવર સપ્લાય બંધ કરીને સર્વિસ વાયરનું સમારકામ કરેલ. ત્યારબાદ ગર્ડર પોલ સર્વિસ વાયરનું કનેક્શન આપવા ચઢતી વખતે તેનો હાથ લપસી જતા વિકટીમ નીચે પડી ગયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

પોલ પર કાળજીપૂર્વક ચઢવું જોઈએ જેથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય તેમજ સલામતીના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

**જિંદગી છે કીંમતી અમાનત,**
**રાખો એને હંમેશા સલામત**



# અકસ્માત - ૭



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી દિલીપભાઈ બી. વણકર

હોદ્દો : એએલએમ

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત

ગામ : ચાંદખેડા

તારીખ : ૦૨-૦૨-૨૦૨૩

સબ ડિવિઝન : ચાંદખેડા

ડિવિઝન : ગાંધીનગર શહેર

સર્કલ : સાબરમતી

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

શ્રી ફેઝ કનેકશન રીકનેકશન કરતા સ્પાર્ક થવો.

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૦૨-૦૨-૨૦૨૩ના રોજ વિકટીમ થ્રી ફેઝ કનેકશનના રીકનેકશન માટે ગયેલ. રીકનેકશન કરતી વખતે હેવી સ્પાર્ક થતા અને ફલેશ થતા મીટરનો ટર્મિનલ બ્લોક બળી ગયેલ. ફલેશને કારણે વિકટીમ ડાબા હાથના પંજા અને ચહેરા પર દાઝી ગયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

મીટર કનેક્શન કરતી વખતે સેફટીના સાધનો સાથે કાળજીપૂર્વક કામ કરવાથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**વીજ સુરક્ષાના નિયમોનું રાખીએ માન,**
**અકસ્માતમાં ન ખોઈએ જાન**

**નિયમોનું પાલન, રાખે સુખી જીવન**



## અકસ્માત - ૮



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી પરમાર રાજુભાઈ લાલજીભાઈ
હોદ્દો : ઈલે.આસી.
અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત
ગામ : ચંગવાડા
તારીખ : ૧૮-૧૧-૨૦૨૨
સબ ડિવિઝન : કાણોદર
ડિવિઝન : પાલનપુર-૧
સર્કલ : પાલનપુર

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી ચંગવાડા એજી લાઈન

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૧૮-૧૧-૨૦૨૨ના રોજ ૧૧ કેવી ચંગવાડા એજી ફિડરના મેઈન્ટેનન્સની કામગીરી દરમ્યાન શ્રી પરમાર રાજુભાઈ લાલજીભાઈ (ભોગ બનનાર) ઈલે.આસી. જેઓ ચંગવાડા એજી ફિડરના લોકેશન નં.૧૦૮ પર રિપેરીંગનું કામ કરી રહેલ હતા. તેજ સમયે ચંગવાડા એજી ફિડરના લોકેશન ન.૩૩/૨/૧૫૨ ટ્રી કટિંગનું કામ ચાલુ હતું અને ઝાડનું ડાળું ચંગવાડા એજી લાઈન પર પડતાં ચંગવાડા એજી ફિડરનો વાયર ઉછળેલ, આજ ફિડર ઉપર બીજા સ્થળે ટ્રી કટિં-ગના સ્થળ પરથી પસાર થતી ૧૧ કેવી કાણોદાર જેજીવાય ફિડરના વાયર સાથે સંપર્કમાં આવ્યો હોઈ ભોગ બનનારને ક્ષણિક જર્ક આવેલ. ત્યારબાદ તેઓ પોતે સ્વસ્થ અવસ્થામાં પોલ પરથી નીચે ઊતરેલ અને તેઓને આગળની સારવાર આપવામાં આવેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

જો મેઈન્ટેનન્સ પ્રોગ્રામ દરમ્યાન કામ કરવાના સ્થળની આગળની સ્વિચ કાપવામાં આવે અને ક્રોસિંગ જતાં ફિડરની લાઈન કિલયર લઈને કામ કરવામાં આવે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય. શ્રી રાજુભાઈ પરમારે કામ કરવાના સ્થળ પર લોકલ અર્થીંગ કરેલો હતો. આથી તેઓ મોટા અકસ્માતથી બચેલા હતા. બંને બાજુ લોકલ અર્થીંગ કરીને કામ કરવાથી પણ આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

## અકસ્માત - ૯



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી જાદવ પ્રભુસિંહ ભેમજી

હોદ્દો : ઈલે.આસી. વી.એસ.

અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત (મિકેનિકલ)

ગામ : ઉંબરી

તારીખ : ૦૩-૧૧-૨૦૨૨

સબ ડિવિઝન : શિહોરી

ડિવિઝન : ડીસા-૧

સર્કલ : પાલનપુર

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

અંબાજી ગંભીરજી ઠાકોર, ગ્રા. નં. ૭૨૩૪૮૦૦૪૮૦૧, વીજ પોલ.

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તબિન પ્રાણઘાતક અકસ્માતનો ભોગ બનનાર શ્રી જાદવ પ્રભુસિંહ ભેમજી, ગ્રાહકનં.૭૨૩૪૮૦૦૪૮૦૧, ગામ - ઉંબરી, તા. કાંકરેજના પુનઃવીજ જોડાણની કામગીરી આપવામાં આવેલ. સદર વીજ જોડાણની પુનઃ જોડાણની કામગીરી દરમિયાન સદર બિન પ્રાણઘાતક અકસ્માતનો ભોગ બનનાર શ્રી જાદવ પ્રભુસિંહ ભેમજી હળવા દબાણની વીજ લાઈનના થાંભલા પર આશરે ૮ થી ૧૦ ફૂટ ઉપર ચઢયા બાદ પગ લપસતાં શરીરનું બેલેન્સ ના રહેતા નીચે પડી ગયેલ અને સદર બિનપ્રાણઘાતક મિકેનિકલ અકસ્માતનો ભોગ બનેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

પોલ પર ચઢાણ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ. કાળજીપૂર્વક કામ કરવાથી તેમજ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**નાની અમથી ભૂલ, બહુ ભારે પડશે એ ન ભૂલ**

## અકસ્માત - ૧૦



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી બચુજી અનુપજી સાંપરિયા

હોદ્દો : ઈલે.આસી.

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત (મિકેનિકલ)

ગામ : વડા

તારીખ : ૦૩-૧૨-૨૦૨૨

સબ ડિવિઝન : થરા

ડિવિઝન : રાધનપુર

સર્કલ : પાલનપુર

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી કહરેચા ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૦૩-૧૨-૨૦૨૨ના રોજ ગામ-શ્રી કાલકા માતાના મંદિરનો પાવર ચેક કરવા માટે ઈલેકટ્રીકલ આસીસ્ટંટ બચુજી અનુપજી સાંપરિયા LT પોલ પર ચડવા જતાં પગ લપસી જવાથી જમીન પર પટકાયેલ હતા આ રીતે અકસ્માત બનવા પામેલ હતો.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

PSC પોલ પર ચડતી વખતે ધ્યાન રાખવું જોઈએ. કાળજીપૂર્વક કામ કરવાથી તેમજ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આ પ્રકારના અકસ્માત નિવારી શકાય છે.

**સમજો બધાં સૂચનોને ધ્યાનથી,**
**બચી જશો જીવલેણ અકસ્માતથી**

**SAFETY FIRST**

## અકસ્માત - ૧૧



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી મગનભાઈ ગણેશભાઈ પ્રજાપતિ

હોદ્દો : ઈલે.આસી.

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત (મિકેનિકલ)

ગામ : ખોડા

તારીખ : ૧૯-૦૩-૨૦૨૩

સબ ડિવિઝન : શિહોરી

ડિવિઝન : ડીસા-૧

સર્કલ : પાલનપુર

✦ **અકસ્માત થયેલ માળખાની વિગત :**

૧૧કેવી દેવાય ખેતીવાડી ફીડર - LSTC

✦ **અકસ્માતના બનાવની વિગત અને કારણ :**

તા.૧૯-૦૩-૨૦૨૩ના રોજ ગામ - ખેડા, ૬૬કેવી ખોડા સબ સ્ટેશનના ૧૧ કેવી દેવાય-ખેતીવાડી ફીડરના LSTC ટ્રાન્સફોર્મરનો બળી ગયેલ જંપર માળવા ગયેલ. સદર કામગીરી દરમિયાન બિન પ્રાણઘાતક અકસ્માતનો ભોગ બનનાર શ્રી મગનભાઈ ગણેશભાઈ પ્રજાપતિ ૧૧કેવી દેવાય-ખેતીવાડી ફીડરના LSTC ટ્રાન્સફોર્મર ચડવા જતાં સેફટીશુઝની નીચે ચીકણી માટી ચોટી જવાથી પગ લપસી જવાથી આશરે ૫,૬ ફૂટ પરથી જમીન પર પટકાયેલ હતા આ રીતે બિન પ્રાણઘાતક અકસ્માત બનવા પામેલ.

✦ **અકસ્માત નિવારણ માટેના ઉપાય :**

જો વીજ કર્મીઓ દ્વારા કામગીરીના સ્થળે પોલ ઉપર ચડતી વખતે સેફટીશુઝ નીચે ચોટેલ ચીકણી માટી કે અન્ય પદાર્થો દૂર કર્યા બાદ ઉપર ચડવાની કામગીરી કાળજીપૂર્વક કરવામાં આવે તેમજ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો સદર પ્રકારના અકસ્માત નિવારી શકાય.

# અકસ્માત - ૧૨



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી પરમાર પંકજકુમાર વસંતભાઈ
હોદ્દો : ઈલે.આસી.
અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક અકસ્માત (મિકેનિકલ)
ગામ : ટેટોડા
તારીખ : ૨૨-૦૩-૨૦૨૩
સબ ડિવિઝન : ઝેરડા
ડિવિઝન : ડીસા-૨
સર્કલ : પાલનપુર

## ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી શકિત જેજીવાય

## ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત શ્રી પરમાર પંકજકુમાર વસંતભાઈ (ઈલે.આસી.) અને અપ્રેંટિસ લાઈનમેન બી.એચ. વાઘેલા તા. ૨૨-૦૩-૨૦૨૩ ના રોજ સોંપવામાં આવેલ. ડિસકનેકશનની કામગીરીના ભાગરૂપે તેઓ ટેટોડા ગામમાં ગયેલ હતા જયાં તેઓ ૧૧ કેવી શકિત જેજીવાય ફીડર પર ગ્રાહક દ્વારા ફોન પર પાવર ફેઈલ્યોરનો મેસેજ મળ્યો તેને પેટ્રોલીંગ કરતાં LOC-૧૧૨/૧૧૩ ડીપી સ્ટ્રકચર પર ૧૧ કેવી જમ્પર બળી ગયેલું મળ્યું તેથી તેણે એએલએમ આર.જે. પટેલને લાઈન કિલયરન્સ માટે મેસેજ આપ્યો, લાઈન કિલયરન્સ નંબર ૨૬૪૯ મેળવ્યા પછી તેણે ખામીયુક્ત વિભાગને અલગ કરી દીધો અને તેને અર્થીંગ કરી દીધેલ. તે જમ્પર કામ માટે પોલ પર ચડયો હતો પરંતુ અચાનક કોઈ કારણસર તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું હતું અને તે જમીન પર પટકાયો હતો જ્યાં તેનું માથું પથ્થર પર અથડાયું હતું, તેથી તેને માથામાં ઈજા થઈ હતી. સ્થાનિક વ્યકિતની મદદથી તેને પ્રાથમિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.

## ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

પોલ પર કામ કરતી વખેત ધ્યાન રાખવું જોઈએ તેમજ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે અને કાળજીપૂર્વક કામ કરવાથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

# અકસ્માત - ૧૩



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી ખોડાભાઈ વિહાભાઈ ચૌધરી

હોદ્દો : ઈલેકટ્રીક આસી.

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક, મિકેનિકલ

ગામ : સમોત્રા

તારીખ : ૦૯-૦૨-૨૦૨૩

સબ ડિવિઝન : મહેસાણા ગ્રામ્ય

ડિવિઝન : મહેસાણા

સર્કલ : મહેસાણા

**✦ અકસ્માત થયેલ માળખાની વિગત :**

હળવા દબાણવાળી વીજ લાઈન પર વીજ ફરિયાદનું નિરાકરણ

**✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :**

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત શ્રી ખોડાભાઈ વિહાભાઈ ચૌધરી, ઈલેકટ્રીક આસી. તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ સવારે આશરે ૧૧-૩૦ કલાકે સામોત્રા ગામના ગાયત્રી પરામાં હળવા દબાણવાળી વીજ લાઈન પર વીજ ફરિયાદનું નિરાકરણ કરવા જતા કોઈ અગમ્ય કારણોસર આરસીસીના રોડ પર પટકાયેલ હતા. જેથી હાજર રહેલ લાઈનમેન શ્રી એન.કે. ડામોર તેમને તાત્કાલીક વાઈબ્રન્ટ હોસ્પિટલ, મહેસાણા ખાતે સારવાર અર્થે લઈ ગયેલ. વિકટીમ દ્વારા તમામ વીજ સલામતીના સાધનો પહેરેલ હોત તો આ પ્રકારનો મિકેનીકલ અકસ્માત ટાળી શકાયેલ હોત.

**✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :**

દરેક લાઈનસ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોને હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માત નિવારી શકાય.

## અકસ્માત - ૧૪



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી હેમંતભાઈ ગોવિંદભાઈ પ્રજાપતિ

હોદ્દો : આસીસ્ટંટ લાઈનમેન

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક

ગામ : કડી

તારીખ : ૧૭-૦૩-૨૦૨૨

સબ ડિવિઝન : કડી શહેર

ડિવિઝન : કડી

સર્કલ : મહેસાણા

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

હળવા દબાણવાળી અંડરગ્રાઉન્ડ કેબલમાં થયેલ ફોલ્ટ

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત શ્રી હેમંતભાઈ પ્રજાપતિ આસીસ્ટંટ લાઈનમેન, કડી શહેર, આશરે ૧૧-૫૦ કલાકે કડી શહેરમાં આવેલી સીટી પાર્ક સોસાયટી, થોડ રોડ આગળ એમએસપી સ્વીચ પર કામ કરતા હળવા દબાણવાળી અંડરગ્રાઉન્ડ કેબલમાં થયેલ ફોલ્ટને લીધે સ્વીચમાં સ્પાર્ક થયેલ જેથી બંને હાથના ઉપરના ભાગે દાઝી ગયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

દરેક લાઈનસ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોને હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતો નિવારી શકાય.

**વીજળીનો ખોટો સ્પર્શ,**
**જીવન બની જાય નર્ક**



## અકસ્માત - ૧૫



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી પરેશકુમાર લક્ષ્મણદાસ સથવારા

હોદ્દો : ઈલે.આસીસ્ટંટ

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક

ગામ : ખેરાલુ

તારીખ : ૨૨-૦૩-૨૦૨૨

સબ ડિવિઝન : ખેરાલુ-૧

ડિવિઝન : વિસનગર

સર્કલ : મહેસાણા

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કેવી કહરેચા ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત શ્રી પરેશકુમાર લક્ષ્મણદાસ સથવારા ઈલે.આસીસ્ટંટ, તા. ૨૨-૦૩-૨૦૨૨ના રોજ ખેરાલુ ગામમાં L.T. રહેણાંક ગ્રાહકની વીજ ફરિયાદનું નિરાકરણ કરવા જતા કોઈ અગમ્ય કારણોસર પગ લપસી જતા વીજ પોલ પરથી પડી ગયેલ ત્યાર બાદ તેમને વિસનગર શહેર હોસ્પિટલમાં લઈ ગયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

દરેક લાઈનસ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોને હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતો નિવારી શકાય.

**શક્તિની ઉપાસના જેમ કરીએ,**
**વીજશક્તિનો પણ મહિમા કરીએ.**



## અકસ્માત - ૧૬



અકસ્માત થનાર વ્યકિતનું નામ : ૧. શ્રી ગોસ્વામી નિલેશગીરી બળવંતગીરી

હોદ્દો : ઈલે.આસીસ્ટંટ

૨. શ્રી આર. આર. સિંધા

હોદ્દો : જૂની.ઈજનેર

અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક ઈલેક્ટ્રીકલ

ગામ : કડી-શહેર

તારીખ : ૦૪-૦૪-૨૦૨૨

સબ ડિવિઝન : કડી શહેર

ડિવિઝન : કડી

સર્કલ : મહેસણા

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

સદર અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત શ્રી આર.આર. સિંધા, જૂની ઈજનેર અને શ્રી ગોસ્વામી નીલેશગીરી બળવંતગીરી, ઈલે. આસીસ્ટંટ, સીટી ઓપરેટેડ એલ ટી એમ ડી વીજ કનેકશન ચેક કરવા ગયેલ ત્યારે એકયુચેક વડે એકયુરેસી ટેસ્ટ કરતા સમયે પીટી તથા સીટી ગ્રાહકના આરસીબી (RCCB) સાથે જોડાણ કરતા RCCB માં અચાનક સ્પાર્ક થતાં મોટા અવાજ સાથે RCCB સળગી ઉઠેલ જેના શ્રી ગોસ્વામી નીલેશગીરી બળવંતગીરી,ઈલે. આસીસ્ટંટનો ચહેરો તેમજ બંને હાથ દાઝી ગયેલ તેમજ શ્રી આર.આર. સિંધા જૂની.ઈજનેરની ડાબી આંખ બાજુ દાઝી ગયેલ તેમજ એક્યુચેકને પણ નુકશાન થયેલ.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

દરેક કર્મચારી ચેકિંગ કામગીરી કરતા સમયે તેમને આપવામાં આવેલ હેન્ડગ્લોઝ અને માસ્કનો ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતો નિવારી શકાય.

## અકસ્માત - ૧૭



અકસ્માત થનાર વ્યકિતનું નામ : શ્રી રણજીતસિંહ કાનસિંહ પરમાર
હોદ્દો : ઈલે.આસી.
અકસ્માતનો પ્રકાર : બિન પ્રાણઘાતક અકસ્માત
ગામ : ફુદેડા
તારીખ : ૩૦-૦૪-૨૦૨૨
સબ ડિવિઝન : વડાલી     ડિવિઝન : ઈડર     સર્કલ : હિંમતનગર

✦ **અકસ્માત થયેલ માળખાની વિગત :** ૧૧ કે.વી. મહોર એ.જી. ફિડર

✦ **અકસ્માતના બનાવની વિગત અને કારણ :**

૩૦-૦૪-૨૦૨૨ના રોજ સાબરકાંઠાના જિલ્લાના વડાલી તાલુકાનાં ફુદેડા મુકામે ૧૧ કે.વી. મહોર એ.જી. ફિડરની લાઈનના એ.બી.સ્વિચના સમાર કામ તથા લાઈનને નડતરરૂપ ટ્રી કટિંગ તથા મહોર ૧૧ કે.વી. એ.જી. ફિડરના લાઈનના મેન્ટેનન્સ પ્રોગ્રામ રાખેલ હતો. જેમાં અન્વયે વિકટીમ શ્રી તથા સાથી કર્મચારી શ્રી કે.બી. શ્રીમાળી ઈલેકટ્રીકલ આસી. તથા આની ત્રણ મજૂર સાથે કામગીરી કરવા નીકળેલ હતા. સૌ પ્રથમ ૬૬ કે.વી. બાબસરા સબ સ્ટેશન ખાતેથી મહોર ૧૧ કેવી એ.જી. ફિડર લાઈનની લાઈન કિલયર પરમિટ ૮-૦૫ વાગે ફોન પર લીધેલ હતી. તથા મોહર એ.જી. ફિડરની ક્રોસ બાઉન્ડ્રી સ્વિચ કાપી અર્થીંગ કર્યુ હતું. એલ.સી. નંબર ૫૦૪૩ લઈને પાવર બંધ કરાવી સ્વિચ લોકેશન નંબર ૪૮/૪૯ના સૌ પ્રથમ મેન્ટેનન્સ કરેલ, ત્યારબાદ એબી સ્વિચ નંબર ૧૮૫ ની મેન્ટેનન્સની કામગીરી કરવાની હોઈ તેની આગળના લોકેશન નંબર ૧૫૦ પરની સ્વિચ કાપીને અર્થીંગ કરી લોકેશન નંબર ૧૮૫ પર કામ શરૂ કરેલ હતું લોકેશન નંબર ૧૮૫ પર અર્થીંગ કરી વિકટીમ એ કામકાજ શરૂ કરેલ હતું લોકેશન નંબર ૧૮૫ પર સૌ પ્રથમ એક ફેઝનું જંપર કરેલ હતું તથા બીજા ફેઝના જંપર બનાવતા અચાનક જમણા હાથમાં ભારે વીજ કરંટનો જાટકો લાગતાં વિકટીમ શ્રી થાંભલા પરથી નીચે પડી ગયેલ હતા. તથા તેમણે ૧૦૮ મારફતે વડાલી ખાતે સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલ તથા પ્રાથમિક સારવાર આપતા વધુ સારવાર માટે ઈડર ખાતે પાશ્વ હોસ્પિટલમાં લઈ ગયેલ.

✦ **અકસ્માત નિવારણ માટેના ઉપાય :**

દરેક લાઈનસ્ટાફ કર્મચારી દ્વારા જો તેમને આપવામાં આવેલ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે તો આવા અકસ્માતો નિવારી શકાય.

## અકસ્માત - ૧૮



અકસ્માત થનાર વ્યકિતનું નામ : સોલંકી રાજેન્દ્રસિંહ ભૂરસિંહ

હોદ્દો : ઈલે.આસી.

અકસ્માતનો પ્રકાર : બિનપ્રાણઘાતક (ડિપાર્ટમેન્ટલ)

ગામ : આમોદરા

તારીખ : ૨૬-૧૨-૨૦૨૨

સબ ડિવિઝન : સાઠમ્બા

ડિવિઝન : તલોદ

સર્કલ : હિંમતનગર

### ✦ અકસ્માત થયેલ માળખાની વિગત :

૧૧કે.વી. આમોદરા જે.જી.વાય. ફિડર

### ✦ અકસ્માતના બનાવની વિગત અને કારણ :

તા.૨૬-૧૨-૨૦૨૩ના રોજ સાઠમ્બા સબડિવિઝન કાર્યક્ષેત્રમાં આવતા નાથાના મુવાડા, આમોદરા ગામમાં આમોદરા જે.જી.વાય. ફિડરમાં થયેલ ફોલ્ટ એટેન્ડ કરવા શ્રી રાજેન્દ્રસિંહ ભૂરસિંહ સોલંકી ગયા હતા. ત્યારે તેઓ શ્રી આમોદરા જે.જી.વાય ફિડરના લોકેશન નંબર ૭૮/૩-૪માં ફસાયેલ પતંગની દોરી ઉતારવા તેઓ પોલ પર ચડેલા હતા ત્યાં અચાનક તેમનો પગ થાંભલા પરથી લપસતા તેઓના પગમાં ફ્રેકચર થયેલ હતું. ત્યારબાદ તેઓને સારવાર માટે બાયડની ખાનગી હોસ્પિટલ શ્રીજી ઓર્થોપેડીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### ✦ અકસ્માત નિવારણ માટેના ઉપાય :

પોલ પર કામ કરતી વખતે ધ્યાન રાખવું જોઈએ તેમજ વીજ સુરક્ષાના સાધનોનો હંમેશા ઉપયોગ કરવામાં આવે અને કાળજીપૂર્વક કામ કરવાથી આ પ્રકારના અકસ્માત નિવારી શકાય.

**જવાબદારીનું જો રાખીએ ભાન, ન ગુમાવીએ જીવન મૂલ્યવાન**

# થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી

## વીજ અકસ્માત નિવારણ ઉપાયો



કપડાં સૂકવવા માટે કે પ્રાણીઓને
બાંધવા માટે વીજળીના થાંભલા કે
ધાતુના તારનો ઉપયોગ ન કરવો.



વીજ લાઈનની નીચે
કે તેના થાંભલા નજીક
બાંધકામ કરવું નહિં.



વીજ લાઈનના
તૂટેલા તારને
અડકવું નહિં.



વીજળીના તારમાં અટવાયેલા પતંગને
તાર, લોખંડ કે ધાતુના સળીયાથી
કાઢવાની કોશિશ કરશો નહિ.



વીજ લાઈન
નીચે વાહનો
ઉભા ન રાખવા



વીજ લાઈનો
પર લંગર નાંખી
વીજપ્રવાહ લેવો નહિ



ભીના હાથે વીજ
સાધનો કે સ્વીચને
અડકવું નહિ.



મીટર બોક્ષ સાથે
કોઈપણ પ્રકારના
ચેડાં ન કરવા.



આપના બાળકોને
વીજ પ્રવાહ અથવા
સ્વીચથી દુર રાખો.



વિશ્વાસ કરો વીજ સુરક્ષાનો,
નસીબનો નહીં ઈ.એલ.સી.બી.
લગાવો વીજ અકસ્માત નિવારો

# કર્મચારીઓની સુરક્ષા પ્રથમ, બનાવે યુજીવીસીએલને સક્ષમ



સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પુરો પાડવા સમર્પિત

## UGVCL ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા

રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧

CIN - U40102GJ2003SGC042906

**ટોલ ફ્રી નં. ૧૯૧૨૧ અથવા ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫**